ગુજરાત વિચરતિ અને વિમુકત જાતિ વિકાસ
નિગમ, ગાંધીનગરની રચના કરવા બાબત.

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ
ઠરાવ ક્રમાંકઃમકમ/૧૧૨૦૧૩/૨૯૮૫૫/અ
સચિવાલય,ગાંધીનગર.
તા. ૨/૨/૨૦૧૫

વંચાણે લીધાઃ- (૧) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૫/૮/૨૦૧૪ નો ઠરાવ ક્રમાંકઃ સશપ/૧૨૨૦૧૩/૭૯૮૪૪૩/અ

પ્રસ્તાવનાઃ-

સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગોમાં સમાવિષ્ટ ૧૪૬ જ્ઞાતિઓમાં ૨૮ વિચરતી અને ૧૨ વિમુકત જાતિઓ મળી કુલ ૪૦ જાતિઓ અતિ પછાત અને નબળી જાતિઓ છે. જે પરિશિષ્ટ-૧ માં દર્શાવ્યા મુજબની છે. વિચરતિ જાતિઓ રખડતુ ભટકતુ જીવન ગુજારવાના કારણે તેમજ વિમુકત જાતિઓનુ બ્રિટીશ સરકારે ૧૮૭૧માં ગુનેગાર જાતિઓ જાહેર કરતાં અને ત્યારબાદ તેમને આઝાદ ભારત સરકારે સન ૧૯૫૨માં વિમુકત જાહેર કરતાં તેમની પણ રખડતી ભટકતી જીવન શૈલીને કારણે તેઓ સામાજિક અને શૈક્ષણિક અને આર્થિક રીતે વધારે પછાત છે.આ જાતિઓના વિકાસ માટે રાજય સરકારે છેલ્લા ૧૨ વર્ષમાં સક્રિય પહેલ કરીને વિશેષ ધ્યાન આપીને તેમના સર્વાંગી વિકાસ માટે ઘણા પગલા લીધા છે. તેમાં ખાસ કરીને ગૃહ નિર્માણ ક્ષેત્રે ઘણા ઘર બનાવી આપેલ છે તેમજ સરકારી થાળાના મફત પ્લોટ પણ આપેલ છે.તેઓના વિકાસ માટે અલગ થી બજેટ જોગવાઇ પણ કરવામાં આવે છે. તેમ છતાં આ સમૂહો માટે વિશેષ ધ્યાન અપાય અને તેમનો સર્વાંગી વિકાસ થાય તે માટે રાજયની ૪૦ વિચરતી અને વિમુકત જાતિઓ માટે ગુજરાત વિચરતિ વિમુકત જાતિ વિકાસ નિગમની રચના કરવાનું જરુરી જણાય છે.

**ઠરાવઃ-**

આ હેતુસર પુખ્ત વિચારણાના અંતે રાજય સરકાર નીચે મુજબ "ગુજરાત વિચરતિ અને વિમુકત જાતિ વિકાસ નિગમ લિમિટેડ, ગાંધીનગર" નામે નિગમની રચના કરવાનું ઠરાવે છે.

(૧) વિચરતિ અને વિમુકત જાતિઓના આર્થિક, સામાજિક અને શૈક્ષણિક વિકાસ માટે રાજયમાં "ગુજરાત વિચરતિ અને વિમુકત જાતિ વિકાસ નિગમ લિમિટેડ, ગાંધીનગર"ના જરુરી મેમોરેન્ડમ ઓફ એસોસિએશન એન્ડ આર્ટીકલ્સ ઓફ એસોસિએશન તૈયાર કરી તેની વિધિવત નોંધણી ભારતીય કંપની અધિનિયમ-૧૯૫૬ હેઠળ કરવાની રહેશે અને નોંધણીની કાર્યવાહી પૂરી થયા બાદ આ અંગેની વિગતો નિયમોનુસાર રિઝર્વ બેંક ઓફ ઇન્ડીયાને પુરી પાડવાની, ધારા ધોરણો અનુસાર લધુત્તમ ફંડ જાળવવાનું વગેરે આનુસાંગિક કાર્યવાહી કરવાની થશે. રિઝર્વ બેંક ઓફ ઇન્ડીયા નું આવુ સર્ટીફીકેટ મેળવ્યા બાદ જ નાણાકીય ધીરાણ વગેરેની આનુષાંગિક કાર્યવાહી નિગમ કરી શકશે. નિગમનું વડુ મથક ગાંધીનગર રહેશે.

(૨) નિગમના મેમોરેન્ડમ એન્ડ આર્ટીકલ્સ ઓફ એસોસિએશનમાં આ સાથેના પરીશિષ્ટ-૨ મુજબ ઉદ્દેશો હેતુઓ અને પ્રવૃત્તિઓ રહેશે.

(૩) આ નિગમની રચના થયેથી "ગુજરાત વિચરતિ અને વિમુકત જાતિ વિકાસ નિગમ" સ્વતંત્ર રીતે કેન્દ્ર સરકારના સંબંધકર્તા રાષ્ટ્રીય નિગમ પાસેથી સીધુ ધીરાણ મેળવીને આ લોકોના ઉત્કર્ષ માટેની વિવિધ યોજનાઓ ના અમલ અંગેની કાર્યવાહી કરશે.

(૪) ઉપર દર્શાવ્યા મુજબની વિધિવત નોંધણી તથા અન્ય આનુષાંગિક પ્રક્રીયા પૂર્ણ થાય અને નિગમ સ્વતંત્રપણે કાર્યરત થાય તે માટે કન્સલ્ટટ તરીકે નિષ્ણાત પાર્ટ ટાઇમ કંપની સેક્રેટરી અને ચાર્ટડ એકાઉન્ટન્ટની જરૂરીયાત મુજબ નિમણૂંક કરવાની થશે.

(૫) આ નિગમનું કાર્યવાહક મંડળ નીચે મુજબ ૧૫ સભ્યોનું થશે. જેમાં નીચે મુજબના સભ્યોની નિમણૂંક કરવાની રહેશે.

(અ) નિગમના ૮ બિન સરકારી સભ્યોની નિયુકિત નીચે મુજબ થશે.

(૧) અધ્યક્ષ શ્રી

(૨) ઉપાધ્યાક્ષશ્રી

(૩) ૬ બિન સરકારી સભ્યો

અધ્યક્ષ અને ઉપાધ્યક્ષ સહિતના તમામ બિન સરકારી સભ્યોની નિમણૂંક સરકાર કરશે અને તેમાં વિચરતી અને વિમુકત જાતિના વધુ વસ્તી ધરાવતી જાતિઓના સભ્યશ્રીઓ સાથે સાથે દરેક જાતિને એકસરખું પ્રતિનિધિત્વ મળે તે જોવાનું રહેશે.

(બ) નિગમમાં નીચે મુજબ ૭ સરકારી સભ્યોની સરકાર નિમણૂંક કરશે.

(૧) નાયબ સચિવશ્રી (વિ.જા), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

(૨) નાણા સલાહકારશ્રી સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

(૩) નિયામકશ્રી, વિકસતિ જાતી કલ્યાણ ખાતુ

(૪) કમિશ્નરશ્રી, કુટીર ઉદ્યોગ અથવા તેમના ધ્વારા નિયુકત કરાયેલ વર્ગ-૧ના અધિકારી

(૫) મેનેજીંગ ડીરેકટર, ગુજરાત વિચરતિ અને વિમુકત જાતિ નિગમ.

(૬) અને (૭) યથા પ્રસંગે સરકાર નકકી કરે તે મુજબના બે સરકારી સભ્યોની નિમણૂંક કરવામાં આવશે.

(૬) ગુજરાત વિચરતિ અને વિમુકત જાતિ વિકાસ નિગમ માટે નીચે મુજબનું મહેકમ મંજુર કરવામાં આવે છે.

| અનું.નં. | જગ્યાનો હોદ્દો | જગ્યાની સંખ્યા |
|---|---|---|
| ૧ | મેનેજીંગ ડીરેકટર(નાયબ નિયામક, વર્ગ.૧) | ૧ |
| ૨ | સમાજ કલ્યાણ અધિકારી , વર્ગ.૨ | ૧ |
| ૩ | મદદનીશ સમાજકલ્યાણ અધિકારી(અધિક્ષક , વર્ગ.૩ | ૧ |
| ૪ | સીનીયર કલાર્ક વર્ગ.૩ | ૨ |
| ૫ | જુનીયર કલાર્ક વર્ગ.૩ | ૨ |
| ૬ | સ્ટેનો ગ્રેડ-૨ વર્ગ.૩ | ૧ |
| | કુલ | ૮ |

ડ્રાઇવર અને પટાવાળાની સેવાઓ નિગમે આઉટ સોર્સિંગ થી મેળવવાની રહેશે.

૨. ગુજરાત વિચરતિ અને વિમુકત જાતિ વિકાસ નિગમનું અધિકૃત શેરભંડોળ રૂ.૧૦ કરોડનું રહેશે. અને દર વર્ષે રૂ.૧.૦૦ કરોડ ભરપાઇ થયેલી શેરમૂડી નિગમના હવાલે મૂકવાની રહેશે. જે મુજબ વર્ષ ૨૦૧૪-૧૫ના અંદાજપત્રમાં રૂ.૧.૦૦ કરોડની શેરમૂડી અને રૂ.૩૯.૩૭ લાખની વહીવટી કામગીરી માટે નાણાકીય જોગવાઇ થયેલ છે. જેની વહીવટી મંજુરી આમુખ ક્રમાંક(૧)માં ઉલ્લેખિત તા.૫/૮/૨૦૧૪ના ઠરાવથી આપવામાં આવેલ છે.

૩. નિયામકશ્રી, વિકસતિ જાતિ કલ્યાણ ખાતાએ આ અંગેની જરૂરી આનુષાંગિક કાર્યવાહી સત્વરે હાથ ધરી નિગમ સત્વરે કાર્યાન્વિત થાય તે જોવાનું રહેશે.

આ હુકમો વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણા વિભાગનીતા.૮/૧૨/૨૦૧૪ની નોંધથી મળેલ મંજુરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

Desai

(જે.વી.દેસાઇ)
ઉપસચિવ
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,

- નામ.રાજયપાલશ્રીના અગ્રસચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
- માન.મુખ્ય મંત્રીશ્રીના અગ્રસચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય,ગાંધીનગર.
- સર્વે માન.મંત્રીશ્રીઓ/માન.રા.ક.મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧ અને ૨ સચિવાલય,ગાંધીનગર.
- સચિવાલયના સર્વે વિભાગો.
- સામાન્ય વહીવટ વિભાગ, કેબીનેટ શાખા,(વધારાની ત્રણ નકલો સાથે)
- નાણા વિભાગ, સચિવાલય,ગાંધીનગર.
- નાયબ સચિવશ્રીઓ અને ઉપ સચિવશ્રીઓ(સા.ન્યા.અને અ.વિ.)
- નિયામકશ્રી, વિકસતિ જાતી કલ્યાણ ખાતુ, ગુજરાત રાજય,ગાંધીનગર.
- કમિશ્નરશ્રી, કુટીર ઉદ્યોગ ખાતુ, ગુજરાત રાજય,ગાંધીનગર..
- મેનેજીંગ ડીરેકટરશ્રી, ગુજરાત પછાત વર્ગ વિકાસ નિગમ, ગાંધીનગર.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર..
- નિવાસી ઓડીટ અધિકારીશ્રી, ગાંધીનગર.
- જિલ્લા તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર.
- તકેદારી અધિકારીશ્રી, અમદાવાદ, વડોદરા, રાજકોટ.
- સર્વે જિલ્લા નાયબ નિયામક/સમાજ કલ્યાણ અધિકારી(વિ.જા)
- વિભાગની સર્વે શાખાઓ
- સિલેકટ ફાઇલ શાખા/ના.સે.અધિ.શ્રી

પરિશિષ્ટ-૧

## ગુજરાત રાજયમાં વિચરતી જાતિઓની યાદી

૧ બજાણીયા
૨ ભાંડ
૩ ગારૂડી(હાલ અ.જા.)
૪ કાથોડી(હાલ અ.જ.જા.)
૫ નાથ
૬ કોટવાળિયા(હાલ અ.જ.જા.)
૭ તુરી(હાલ અ.જા.)
૮ વિટોળીયા(હાલ અ.જ.જા.)
૯ વાદી
૧૦ વાંસફોડા
૧૧ બાવા વૈરાગી
૧૨ ભવૈયા
૧૩ ગરો (હાલ અ.જા.)
૧૪ મારવાડા-વાઘરી
૧૫ ઓડ
૧૬ પારઘી
૧૭ રાવળિયા
૧૮ શિકલીગર
૧૯ સરાણીઆ
૨૦ વણજારા (શિનાંગવાળા અને કાંગસીવાળા)
૨૧ જોગી
૨૨ ભોપા
૨૩ ગાડલીયા
૨૪ કાંગસીયા
૨૫ ઘંટિયા
૨૬ ચામઠા
૨૭ ચારણ-ગઢવી (જૂના વડોદરા રાજય પ્રદેશના)
૨૮ સલાટ ઘેરા

## ગુજરાત રાજયમાં વિમુકત જાતિઓની યાદી

૧ બાફણ (મુસ્લિમ)
૨ છારા
૩ ડફેર (હિન્દુ અને મુસ્લિમ)
૪ હિંગોરા (મુસ્લિમ)
૫ મે
૬ મિયાણા (મુસ્લિમ)
૭ ઠેબા (મુસ્લિમ)
૮ વાઘેર(હિન્દુ અને મુસ્લિમ)
૯ વાઘરી
૧૦ ચૂંવાળિયા કોળી
૧૧ કોળી (માત્ર કચ્છ જિલ્લાના રાપર અને ભચાઉ તાલુકાના)
૧૨ સંધી (મુસ્લિમ)

----------------

## પરિશિષ્ટ-૨

## સૂચિત નિગમના ઉદ્દેશો અને પ્રવૃત્તિઓ

### ઉદ્દેશો

૧. વિચરતિ વિમુકત જાતિ ના પ્રશ્નો ઉપર વિગતવાર વિચારણા કરી તેના ઉકેલ માટે પ્રયત્નો કરવા

૨. વિચરતિ વિમુકત જાતિઓની સામાજિક, શૈક્ષણિક તથા આર્થિક સ્થિતિ સુધારવા અંગે જુદી જુદી યોજનાઓ તૈયાર કરવી. મંજુર કરાવવી અને તેના અમલીકરણ માટે પગલાં લેવા તેમજ રોજગારી ની વધુ તકો ઉભી કરવી/કરાવવી.

૩. વિચરતિ વિમુકત જાતિઓમાં શિક્ષણનો ફેલાવો થાય તે માટે યોજનાઓ ઘડવી અને તેના અમલીકરણ માટે પગલાં લેવા તેમજ સરકાર ધ્વારા વિવિધ યોજનાઓ અમલમાં મૂકેલ હોય તેના લાભ વિચરતિ વિમુકત જાતિના લોકોને વધુ મળે તે માટે પ્રયત્નો કરવા.

૪. વિચરતિ વિમુકત જાતિના આર્થિક વિકાસ માટે તેઓના મૂળ વ્યવસાયને અનુરૂપ ધંધા વિકાસની યોજનાઓ તૈયાર કરવી અને તે માટે નાણાકીય સંસ્થાઓ, રાષ્ટ્રીયકૃત બેંકો/ સહકારી બેંકો, રાજય કે કેન્દ્ર સરકારના વિભાગો, ખાનગી કે સહકારી સંસ્થાઓ તેમજ વિવિધ એજન્સીઓના સહકારમાં કે સહયોગમાં યોજનાઓનો અમલ કરાવવો.

૫. વિચરતિ વિમુકત જાતિઓ પોતાના મૂળ વ્યવસાયને બદલે જયાં શકય હોય ત્યાં અન્ય ધંધાઓમાં રસ લેતી થાય તેવા પ્રયત્નો કરવા.

૬. વિચરતિ વિમુકત જાતિના ઇસમોના રહેણાંકના/વસવાટના પ્રશ્નો/વીજળી, પાણી અને ગટર વ્યવસ્થા જેવી અગત્યની બાબતો માટે ઘડવામાં આવેલ સરકારની યોજનાઓનો પુરેપુરો અમલ કરાવવો અને આ બાબતે નવી યોજનાઓ બનાવવી અને તેનો અમલ કરાવવો.

૭. વિચરતિ વિમુકત જાતિના લોકો વ્યસન મુકત અને બચત પ્રવૃત્તિ વગેરે ધ્વારા દેવા મુકત થાય તેવા પ્રયત્નો કરવા અને તે માટે જાગૃકતા શિબિરોનું આયોજન કરવું.

૮. રાજય સરકાર તથા કેન્દ્ર સરકાર અને નિયામકશ્રી, વિકસતિ જાતિ કલ્યાણના સંપર્કમાં રહીને વિચરતિ વિમુકત જાતિના લોકોના આર્થિક, સામાજિક, સાંસ્કૃતિક તેમજ શૈક્ષણિક વિકાસ માટે કાર્યવાહી કરવી.

૯. આ જાતિના લોકોના આર્થિક સામાજિક, સાંસ્કૃતિક તેમજ શૈક્ષણિક વિકાસ માટે રાજય સરકાર તથા કેન્દ્ર સરકારની જુદી જુદી યોજનાઓનો લાભ ઉપલબ્ધ કરાવવાની કાર્યવાહી કરવી.

૧૦. વિચરતિ વિમુકત જાતિઓના વિકાસ માટેની યોજનાઓના મૂળભૂત આશય સાથે સુસંગત રહી વિચરતિ વિમુકત જાતિઓ માટે આ યોજનાઓના અસરકારક અમલ માટે જરૂરી સલાહ સૂચન કરવા.

૧૧. વિચરતિ વિમુકત જાતિઓના આર્થિક વિકાસ અંગે ઉપાર્જન થાય તેવી યોજનાઓ અને તે અંગેની તાલીમ આપવાના કાર્યક્રમો ગોઠવવા.

૧૨. સરકાર તરફથી ઉપરોકત હેતુઓ માટે સોંપવામાં આવે તે અંગેની કામગીરી કરવી.

૧૩. વિચરતિ વિમુકત જાતિઓના ઉત્કર્ષ અને આ પહેલાં રાજય સરકાર અથવા તો બીજી સંસ્થાઓ ધ્વારા થયેલ કાર્યવાહીનું અવલોકન કરી અત્યારે અપાતી સવલતો તથા લાભો વિગેરે બાબતોમાં જરૂરી સલાહ સૂચન કરવા.

૧૪. વિચરતિ વિમુકત જાતિઓના શૈક્ષણિક, આર્થિક અને અન્ય ક્ષેત્રે હાંસલ કરેલ પ્રગતિનું મૂલ્યાંકન કરવું.

૧૫. વિચરતિ વિમુકત જાતિઓના આર્થિક, સામાજિક, સાંસ્કૃતિક તેમજ શૈક્ષણિક વિકાસ માટે આવશ્યક જણાય તે કાર્યવાહી હાથ ધરવી.

૧૬. સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત જાતિ, અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જન જાતિ માટે અમલમાં હોય તેવી યોજનાઓના લાભો વિચરતિ વિમુકત જાતિઓની સંબંધિત જાતિઓને પણ અસરકારક રીતે મળે તે માટે જરૂરી તમામ કાર્યવાહી કરવી.

આ ઉપરાંત મેમોરેન્ડમ ઓફ એસોસીએશન અને આર્ટીકલ્સ ઓફ અસોસીએશનમાં સમાવેશ કરેલ ઉદ્દેશો મુજબ કામગીરી કરવી.

## <u>પ્રવૃત્તિઓ.</u>

૧. આ નિગમ ગુજરાત ગોપાલક વિકાસ નિગમ, ગુજરાત અલ્પસંખ્યક વિકાસ નિગમ અને ગુજરાત ઠાકોર અને કોળી વિકાસ નિગમની પેટર્ન પ્રમાણે કેન્દ્ર સરકાર તથા રાજય સરકારના ફંડમાંથી બેંકેબલ યોજના ધિરાણ સામે સબસીડી, સીધા ધિરાણની યોજના હેઠળ લોન આપવી વિગેરે પ્રવૃત્તિ હાથ ધરશે.

૨. બોર્ડના ઉદ્દેશોને ધ્યાનમાં રાખી યોજનાઓ બનાવવામાં આવશે અને તેનો અમલ કરી તેને લગતી વિચરતિ વિમુકત જાતિના લોકોની સંસ્થાઓ ઉભી કરીને સંસ્થાઓ/વ્યકિતઓને મદદરૂપ થવાની પ્રવૃત્તિ હાથ ધરશે.

૩. આ ઉદ્દેશો પરિપૂર્ણ કરવા માટે જરૂરી કાર્યવાહી કરશે/કરાવશે અને તે અંગેની જુદી જુદી કક્ષાએ સમિતિઓ ઉભી કરશે.

૪. કાયદાકીય જે કોઇ સત્તાઓ મેળવવાની થતી હશે તે મેળવશે અને તેનો અમલ કરવાનો રહેશે..

૫. રાજય સરકાર તથા રાજય સરકારની જુદી જુદી એજન્સીઓ ધ્વારા મળતા લાભો તેમજ કાયદાકીય જ્ઞાન ઉદ્દેશોને ધ્યાનમાં રાખી તેનો વિવિધ માધ્યમો ધ્વારા પ્રચાર પ્રસાર કરી તેને આનુસાંગિક પગલાં લેશે.

૬. વિચરતિ વિમુકત જાતિના આર્થિક, સામાજિક અને શૈક્ષણિક વિકાસ માટે નિગમના મેમોરેન્ડમ ઓફ એસોસીએશન અને આર્ટીકલ્સ ઓફ અસોસીએશનની ભારતીય કંપની અધિનિયમ,૧૯૫૬ હેઠળ વિધિવત નોંધણી કરાવવાની રહેશે. રીઝર્વ બેંક ઓફ ઇન્ડીયાનું નિયમોનુસાર સર્ટીફીકેટ મેળવ્યા પછી જ નાણાકીય ધિરાણ વગેરેની આનુસાંગિક કાર્યવાહી નિગમ કરી શકશે.

----------------